કોર્ટે તિસ્તા સેતલવાડ અને આરબી શ્રીકુમારના જામીન ફગાવી દીધા

સામાજિક કાર્યકર અને પૂર્વ આઈપીએસની મુશ્કેલી વધી : તિસ્તા સેતલવાડ અને ભૂતપૂર્વ ડીજીપી આરબી શ્રીકુમાર જેલવાસ ભોગવી રહ્યા છે

અમદાવાદ, તા.૩૦

સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ અને પૂર્વ આઈપીએસ અધિકારી આરબી શ્રીકુમારના જામીન સેશન્સ કોર્ટે ફગાવ્યા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ના રમખાણો સંબંધિત નિર્દોષ લોકોને ફસાવવા માટે ખોટા દસ્તાવેજો બનાવવાના આરોપ હેઠળ સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ અને પૂર્વ ડીજીપી આરબી શ્રીકુમારની ધરપકડ કરાઈ હતી. ત્યારે હવે ગુજરાતના રમખાણ કેસમાં સેશન્સ કોર્ટે તિસ્તા સેતલવાડ અને આરબી શ્રીકુમારના જામીન ફગાવ્યા છે. અગાઉ કોર્ટ શુક્રવારે સુનાવણી કરવાની હતી પણ તે શનિવાર સુધી સ્થગિત કરાઈ હતી.

અહી નોંધનીય છે કે વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા કોમી રમખાણોમાં ખોટા પુરાવા ઊભા કરવાના કાવતરામાં સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડની મુશ્કેલીઓમાં વધારો થયો છે. તિસ્તા સેતલવાડ અને ભૂતપૂર્વ ડીજીપી આરબી શ્રીકુમાર જેલવાસ ભોગવી રહ્યા છે. સિટએ એફિડેવિટ ફાઈલ કરીને ચોંકવનારો ખુલાસો કર્યો હતો કે, તિસ્તા સેતલવાડે અહેમદ પટેલના કહેવાથી સરકાર તોડી પાડવા માટે મોટું કાવતરું રચ્યું હતું. તત્કાલિકન મુખ્યમંત્રી અને હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રમખાણ કેસમાં સંડોવવા માટે ખોટા પ્રયાસ કર્યા હતા. આ કાવતરામાં તિસ્તા સેતલવાડનો મોટો રોલ હોવાથી તેને જામીન આપવા ન જોઈએ એવી રજૂઆત પણ સિટએ કરી હતી.

એફિડેવિટમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, સ્વ. અહેમદ પટેલના કહેવાથી તિસ્તા સેતલવાડે સરકારને તોડી પાડવા માટેનો પ્રયાસ કર્યો હતો. એક સાક્ષીએ એનું નિવેદન આપ્યું છે અને જણાવ્યું છે કે, સર્કીટ હાઉસમાં અહેમદ પટેલે તિસ્તા સેતલવાડને પહેલાં પાંચ લાખ રુપિયા આપ્યા હતા. બે દિવસ પછી તેઓ ફરીથી મળ્યા હતા. જ્યાં અહેમદ પટેલે બીજા ૨૫ લાખ રુપિયા આપ્યા હતા. દિલ્હીમાં સ્થિત અહેમદ પટેલના બંગલે તિસ્તા સેતલવાડ અને સંજીવ ભટ્ટ મળ્યા હતા, એ પછી તેઓ બંને વારંવાર મળ્યા હતા. સીટ દ્વારા રજૂ કરવામાં આવેલી એફિડેવિટમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તિસ્તા સેતલવાડની એનજીઓના ફિલ્ડ કન્વીનર રઈસ ખાન પઠાણે તિસ્તા સેતલવાડના કહેવાથી એક સાક્ષીને પણ બોલાવ્યો હતો. સાથે જ તેને મુંબઈ અને કોલકાતા સહિતની વિવિધ જગ્યાએ લઈ જઈ મીડિયા સમક્ષ રમખાણ મુદ્દે ખોટા નિવેદનો પણ કરાવ્યા હતા. આ સાક્ષીનું એવું પણ કહેવું છે કે, તેના ફોટાનો ઉપયોગ ફંડ એકત્ર કરવા માટે પણ કરવામાં આવ્યો હતો. સાથે જ સંજીવ ભટ્ટ અને આરબી શ્રીકુમારે કેટલાંક દસ્તાવેજ તિસ્તા સેતલવાડને આપ્યા હતા એવું ઈમેઈલની તપાસમાં ફલિત થાય છે.

અંબાજી મંદિરમાં પ્રસાદમાં ફરાળી ચિક્કી પણ મળશે

ઉપવાસમાં માઈભક્તો નહીં રહે વંચિત : વિદેશથી આવતા ભક્તો માટે લાંબા સમય સુધી સાચવી શકાય તે હેતુસર પ્રસાદ તરીકે ચિક્કીનું વેચાણ શરૂ કરાયું

અંબાજી, તા.૩૦

ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન અંબાજીમાં દેશ-વિદેશથી માઈભક્તો દર્શન કરવા આવે છે. કોઈપણ દેવસ્થાનમાં દર્શન કર્યા બાદ ત્યાંના પ્રસાદનું પણ અનેરું મહત્વ હોય છે. શક્તિપીઠ અંબાજીમાં અપાતો મોહનથાળનો પ્રસાદ વર્ષોથી પ્રચલિત છે. માતાજીના આશીર્વાદની સાથે મોહનથાળનો સ્વાદિષ્ટ પ્રસાદ ભક્તો ભાવપૂર્વક ખાય છે. જોકે, મોહનથાળ ઉપવાસમાં ના ખાઈ શકાતો હોવાથી જે-તે દિવસે મંદિરમાં દર્શનાર્થે આવેલા ભક્તોને ઉપવાસ હોય તો તે લઈ નહોતા શકતાં. એવામાં હવે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નવીન પહેલ કરવામાં આવી છે. મોહનથાળના પ્રસાદની સાથે ફરાળી પ્રસાદનું વિતરણ પણ શરૂ કર્યું છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા માઈભક્તો માટે ફરાળી ચિક્કીના પ્રસાદનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. વર્ષોથી આ મંદિરમાં માત્ર મોહનથાળનો પ્રસાદ મળતો હતો પરંતુ હવેથી ફરાળી ચિક્કીનો પ્રસાદ પણ મળશે. શ્રાવણ માસના પ્રથમ દિવસથી ફરાળી પ્રસાદ વિતરણ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. દેશ-વિદેશથી ભક્તો અંબા માના દર્શન કરવા માટે અંબાજી આવે છે ત્યારે તેઓ પોતાની સાથે પણ પ્રસાદ લઈ જઈ શકે અને લાંબા સમય સુધી સાચવી શકાય તે હેતુસર સૂકા અને ફરાળી પ્રસાદ તરીકે ચિક્કીનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન આનંદ પટેલે આ માહિતી આપી હતી.

શ્રાવણ માસના પ્રથમ દિવસથી જ ફરાળી ચિક્કીનું વિતરણ શરૂ કરતાં માઈભક્તોએ પણ આ પહેલને આવકારી હતી. અત્યાર સુધી ઉપવાસ કરતાં ભક્તો મોહનથાળનો પ્રસાદ ખાઈ નહોતા શકતાં પરંતુ હવેથી ઉપવાસના દિવસે પણ તેઓ માતાજીના આશીર્વાદ રૂપી પ્રસાદ ખાઈ શકશે તેનો સંતોષ છે. ફરાળી ચિક્કીનો પ્રસાદ સીંગ-તલ, ખાંડના મિશ્રણથી બનાવવામાં આવ્યો છે. ૧૦૦ ગ્રામ ચિક્કીનું એક બોક્સ ૨૫ રૂપિયામાં વેચવામાં આવી રહ્યું છે.

રાખડીમાં જનજાગૃતિ - આગામી રક્ષાબંધનના તહેવારની ઉજવણીમાં વેપારીઓ લાગી ગયા છે... તો બીજી તરફ રાખડીના કારીગરો પણ તાજેતરમાં ગુજરાતમાં થયેલા લઠ્ઠાકાંડ સંદર્ભે કારીગરો પણ ચિંતિત છે. આ મામલે સમાજમાં જનજાગૃતિ આવે તેવી અવનવી રાખડીઓ કારીગરો બનાવી રહ્યાં છે.

રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતામાં ૧૦૫ ટકાનો જેટલો વધારો : મુખ્યમંત્રી

કેન્દ્ર સરકારના ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા દેશવ્યાપી કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી વર્ચ્યુઅલ જોડાયા

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જાને માનવજીવનની જરૂરિયાત અને જીવનનો હિસ્સો ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ઊર્જાના વિવેકપૂર્ણ ઉપયોગ સાથે નવિન ઊર્જાસ્રોત અને રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ હવેના સમયની માંગ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઈકોનોમી બનાવવાનું જે સપનું જોયુ છે તેમાં આ રિન્યુએબલ એનર્જી સેક્ટરનું પણ ઘણું મહત્વ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉજવલ ભારત ઉજવલ ભવિષ્ય પાવરજ૨૦૪૭ અંતર્ગત આયોજિત વીજળી મહોત્સવ અવસરે સંબોધન કરી રહ્યા હતા. જેમાં વડાપ્રધાન મોદીએ નવી દિલ્હીથી વર્ચ્યુઅલ જોડાઈને રિવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ તથા નેશનલ સોલાર રૂફટોપ પોર્ટલના લોન્ચીંગ કર્યા હતા.

પ્રધાનમંત્રીએ આ અવસરે ગુજરાતના કવાસ ખાતે ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ સહિત દેશના વિવિધ રાજ્યોના ઊર્જા પ્રકલ્પોના ઈ-ખાતમૂર્હત કર્યા હતા.

કેન્દ્ર સરકારની મિનીસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાનએ દેશના વિવિધ રાજ્યોના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ આ વેળાએ પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટીમાં આયોજિત વીજળી ઉત્સવમાં સહભાગી થઈને રૂફટોપ તથા સોલાર પ્લાન્ટના ગુજરાતના લાભાર્થીઓને તથા ઝૂંપડપટ્ટી વીજળીકરણ અન્વયે વિનામૂલ્યે વીજકનેક્શન મેળવનારા

લાભાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર રિન્યુએબલ એનર્જીને હંમેશા પ્રોત્સાહન આપતી આવેલી છે. ચારણકા સોલાર પાર્ક અને સોલાર રૂફટોપ જેવા પ્રોજેક્ટથી ગુજરાત રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં દેશનું દિશાદર્શક રાજ્ય બન્યુ છે. તેમણે ઉમેર્યુ કે, પાછલા બે દાયકાઓમાં રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવાની દિશામાં સરકારે સોલાર પોલિસી, વિન્ડ એનર્જી પોલિસી, સ્મોલ હાઈડ્રો પોલિસી તથા હાઈબ્રીડ એનર્જી પોલિસી જેવી અનેક પોલિસીઓનો સફળ અમલ કર્યો છે. આના પરિણામે રિન્યુએબલ ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતામાં ૧૦૫ ટકાનો વધારો થયો છે. ૨૦૦૧માં આ ક્ષમતા ૧૬૫ મેગાવોટ હતી તે ૨૦૨૨માં ૧૭,૩૦૦ એ પહોચી છે. કચ્છમાં ૩૦ હજાર મેગાવોટ ક્ષમતાનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક વિકસાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૨૦૨૫ માં ૪૧ ગીગાવોટ તથા ૨૦૩૦માં ૬૬ ગીગાવોટ સુધી પહોચાડી ગ્રીન-કલીન એનર્જી ઉત્પાદન માટેની નેમ દર્શાવી હતી. વીજળી મહોત્સવના રાજ્યકક્ષાના સમાપન સમારંભમાં ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા, ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, પાલિકાના કમિશનર ડો. ધવલ પટેલ સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રકૃતિના જતન-સંવર્ધન માટે લડી રહેલા અધિકારીઓ 'સિપાઈ' છે : રાજયપાલ

પ્રકૃતિની જાળવણીની ઈશ્વરની વ્યવસ્થામાં વન વિભાગનું સહયોગી કાર્ય

ગાંધીનગર, તા.૩૦

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના વન વિભાગના અધિકારીઓને 'સિપાઈ' તરીકે સંબોધીને કહ્યું હતું કે, દેશ અને દુનિયા સામે અત્યારે સૌથી મોટો પડકાર પ્રાકૃતિક સંપદાના જતનનો છે. પૃથ્વી, વાયુ, જલ, આકાશ અને અગ્નિ; આ પાંચ મહાભૂત વિકૃત રૂપ ધારણ ન કરે એ જોવાની જવાબદારી માનવજાતની છે. પ્રકૃતિ સંતુલનમાં રહે તો સુખદાયી છે અને વિકૃત થાય તો દુઃખદાયી છે. પ્રકૃતિના જતન માટે લડી રહેલા વન વિભાગના અધિકારીઓ ગુજરાતના 'સિપાઈ' છે.

રાજ્યના વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસરથી લઈને મુખ્ય વન સંરક્ષક સુધીના અધિકારીઓને આજે ગાંધીનગરમાં વન સંશોધન સંકુલ ખાતે પ્રાકૃતિક કૃષિ સંમેલનમાં સંબોધન કરતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આપણા મનમાં જે વિચારો હશે એ જ વાણીમાં આવશે અને વાણીમાં હશે એ જ વર્તનમાં આવશે ત્યારે જ કલ્યાણ થશે. ઈશ્વરે આપણને

આપેલી પ્રકૃતિનું રક્ષણ કરવું આપણો ધર્મ છે. વિકાસના નામે આપણે પ્રકૃતિનું શોષણ અને દોહન કરીએ છીએ, પરિણામે ગ્લોબલ વૉર્મિંગ જેવો સૌથી મોટો પડકાર આપણી સામે આવીને ઉભો છે, જે ખતરાની ઘંટી છે. આવી સ્થિતિમાં વન વિભાગ પ્રકૃતિને જાળવવાની ઈશ્વરની વ્યવસ્થામાં સહયોગી કામ કરી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાછલા જન્મમાં પુણ્યકર્મો કર્યા હશે કે આ જન્મે વન વિભાગમાં સેવા આપવાની તક મળી અને આ જન્મમાં પણ પ્રકૃતિના જતનનું પુણ્યકર્મ કરીને વન વિભાગના કર્મચારીઓ-અધિકારીઓ આગલા જન્મ માટે સારું ભાથું બાંધી રહ્યા છે. પર્યાવરણના નુકસાનથી ધરતી વેરાન બની રહી છે. ભૂગર્ભમાં જળ ઓછા થતા જાય છે. જે જળ છે એ પણ પીવાલાયક નથી રહેતું. મહાનગરોમાં નાના બાળકોને અસ્થમા જેવા રોગ થઈ રહ્યા છે. આંખોના ચશ્મા આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વન-જંગલ બચશે તો જ પર્યાવરણ બચશે, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સૌ માનવીઓના આયુષ્ય નિરોગી અને દીર્ઘ રહે એ માટે વન વિભાગના અધિકારીઓ પર્યાવરણની સુરક્ષા માટે રાત-દિવસ કામ કરી રહ્યા છે.

ગુજરાતની નવરાત્રીનો માહોલ વિદેશમાં પણ જામ્યો

ઓસ્ટ્રેલિયામાં નવરાત્રિ પહેલા ગરબાની રમઝટ બોલાવાઈ : ગુજરાતીઓ મન ભરીને ઝૂમ્યા

મહેસાણા, તા.૩૦

બે વર્ષે કોરોનાને કારણે ગુજરાતી ગરબા બંધ રહ્યા હતા, પરંતુ આ વર્ષે ગુજરાતીઓને ગરબાની રમઝટ માણવા મળશે. ત્યારે વિદેશી ધરતી પર અત્યારથી જ ગરબાની શરૂઆત થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયામાં વસતા ગુજરાતી પરિવારો દ્વારા ગરબા મહોત્સવનું આયોજન કરાયુ હતું. જેમાં ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલા ગુજરાતીઓએ જાણીતા સિંગર સાગર પટેલના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી.

નવરાત્રિને હજી વાર છે, પરંતુ ઓસ્ટ્રેલિયામાં વસતા ગુજરાતીઓ જાણે ગરબાના તાલે ઘુમવા આતુર હતા. ત્યારે બ્રિસબેનમાં વસતા ગુજરાતી પરિવારો દ્વારા નવરાત્રિ પહેલા પ્રિ-ગરબા ઈવેન્ટનું આયોજન કરાયુ હતું. જેમાં ગુજરાતના જાણીતા સિંગર સાગર પટેલે ગુજરાતીઓને ગરબા રમાડ્યા હતા. મોટી સંખ્યામાં ગુજરાતીઓ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ગરબા રમવા આવી પહોંચ્યા હતા.

ઓસ્ટ્રેલિયામાં ગુજરાતી સંસ્કૃતિ જીવંત રાખવાનો ગુજરાતી સમાજનો પ્રયાસ અનોખો છે. માત્ર ઓસ્ટ્રેલિયા જ નહિ, અમેરિકા, યુકે, ઓમાન, આફ્રિકા જેવા દેશોમાં વસતા ગુજરાતીઓ પણ સમયાંતરે ગરબા કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે. જેથી તેઓ પોતાના મુલ્કના ઉત્સવોથી દૂર ન રહે.

આશિષ પટેલ અને જય ગજાનન ગ્રુપ દ્વારા દર વર્ષે ઓસ્ટ્રેલિયામાં ગરબા રમઝટનું આયોજન કરાય છે.

દહેગામના બિલ્ડર વ્યાજખોરોના અસહનીય ત્રાસથી ઘર છોડી ગયા

ગાંધીનગર, તા.૩૦

વ્યાજખોરોના ત્રાસનો કિસ્સો દહેગામમાંથી સામે આવ્યો છે. અહીં રહેતા એક બિલ્ડરે વ્યાજખોરો પાસેથી વ્યાજે રુપિયા લીધા હતા. એ પછી વ્યાજખોરોએ ઉંચા દરે વ્યાજ વસૂલ્યુ અને પઠાણી ઉઘરાણી કરતા હતા. વ્યાજખોરોના ત્રાસ અને ડરથી કંટાળેલા બિલ્ડરને આખરે ઘર છોડવાની નોબત આવી હતી. જે બાદ બિલ્ડરની પત્નીએ દહેગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ ગુનો નોંધીને બે વ્યાજખોરોને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય લોકોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

દહેગામ પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદ મુજબ, સોલંકીવાસમાં રહેતા ભાવિનભાઈ બારોટની પત્ની પ્રિતીબેને આ ફરિયાદ નોંધાવી છે. તેમના પતિ ભાવિનભાઈ બિલ્ડર હોવાની સાથે દલાલીનું કામ કરે છે. તેઓ પત્ની અને બે સંતાનો સાથે રહે છે. ભાવિનભાઈ છેલ્લાં કેટલાંક સમયથી સતત ટેન્શનમાં રહેતા હતા. જેથી પ્રિતીબેને ભાવિનભાઈની પૂછપરછ કરી હતી. ત્યારે તેઓએ જણાવ્યું હતું કે, વ્યાજખોરો તેમની પાસે પઠાણી ઉઘરાણી કરે છે. વ્યાજ સાથે મૂડી આપી દીધી હોવા છતા તેઓ સતત ઉઘરાણી કરે છે અને મારી નાખવાની ધમકી આપે છે.

પ્રીતિબેનનો આક્ષેપ છે કે, કનુ રબારી અને લલ્લુ રબારી પાસેથી ગોવિંદે પાંચ લાખ અપાવ્યા હતા. જે બાદ વ્યાજ સાથે ૧૫ લાખ ચૂકવ્યા હતા. આ સિવાય જીવણકાકા પાસેથી એક સાઈટ અઢી કરોડમાં રાખી હતી. જેમાં ૨ કરોડ રુપિયા ચૂકવ્યા હતા. તેમ છતા વ્યાજખોરો ઉઘરાણી કરતા હતા.

ગંગાજળ ભરેલ ૫૦૦થી વધુ કળશ સાથે કાવડિયાઓને નિહાળવાનો અવસર

ગાંધીનગર તા.૩૦

રાજયની આઠમી શિવ આરાધનાના મહાપર્વ પવિત્ર શ્રાવણ માસના શુભ અવસરે, વિશ્વ કલ્યાણ સંસ્થા-અમરનાથ ધામ અને જયઅંબે મિત્ર મંડળ દ્વારા નાગરવેલ હનુમાન મંદિર, અમરાઈવાડીથી તા.૩૧ જુલાઈના રોજ રવિવારે સવારે ૮.૩૦ કલાકે શ્રી અમરનાથ જલાભિષેક કાવડ પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવશે. ૨૫૦૦થી વધુ શ્રધ્ધાળુઓ ગંગાજળ ભરેલા કાવડ લઈને તા.૧ ઓગસ્ટ ૨૦૨૨ શ્રાવણ માસના પ્રથમ સોમવારે પવિત્ર અમરનાથ ધામ પહોંચશે. આ કાવડ યાત્રાનો પ્રારંભ જગન્નાથ મંદીર જમાલપુર, અમદાવાદના મહંત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર દીલીપદાસજી મહારાજ તથા વ્રજ પીઢાધીશ્વર મહામંડલેશ્વર રાજેન્દ્ર ગીરીજી મહારાજ તથા સંત લક્ષ્મણદાસજી મહારાજ (રણછોડરાય મંદિર, સરસપુર) દ્વારા કરવામાં આવશે.

બે વર્ષના કોરોના કાળ પછી કાવડ યાત્રા શરૂ થઈ હોવાથી શિવભક્તોમાં અનેરો માહોલ જામશે. ખુલ્લા પગે ૫૫ કિલોમીટરની કાવડ પદયાત્રા કરી શ્રાવણ માસના પ્રથમ સોમવારે કાવડીયાઓ પવિત્ર અમરનાથ ધામમાં બનાવેલ હુબહુ સ્વરૂપના અદ્વિતિય દ્વાદશ જયોર્તિલીંગ પર જલાભિષેક કરશે. ત્યારે શિવભક્તોનો આનંદ ચરણસીમાએ હશે.

બોલ બમ.. હર હર મહાદેવ અને બોલ બમ કા નારા હૈ શિવ તુ હી સહારા હૈ.. ના નાદ સાથે કાવડીયાઓ ભક્તિ અને આસ્થાના મહાસાગરમાં ડુબી જશે.

સંક્રમણ ઘટ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી પાંચ કેસ, મોટી ભોંયણ ગામેથી ૨ કેસ ઉપરાંત છત્રાલ, ડાભલા, રાંચરડા, ઉનાલી, બોરીસણા અને હાજીપુરામાંથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે. સતત બીજે દિવસે માણસામાં પાંચ કેસ નોંધાયા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટે તાકીદ કરી છે. તાલુકામાં માણસા શહેરમાંથી ૩ કેસ અને ધમેડા તેમજ હરણાહોડા ગામેથી કેસ મળી આવેલ છે. માણસા શહેરમાં ૩૦ વર્ષના યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૮ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દી તો ૪ દર્દી ૬૦ થી વધુ વયના છે.

શહેરમાં આજે સે. ૨, ૨૯, સરગાસણ, વાવોલમાં ૩-૩ કેસ, સે. ૮, ૨૫, ૩૦ અને કુડાસણમાં ૨-૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત સે. ૧, ૧૨, ૧૪, ૨૩, બોરીજ, કોલવડા, પેથાપુર, રાંદેસણમાંથી કેસ મળી આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં રિકવરી રેટ સારો નોંધાયો છે. આજે ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં હાલ ૧૯૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરના વિવિધ સેક્ટરોમાંથી વધુ અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનોએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

સિલ્વર જીત્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી જેના કારણે નજીવા અંતરથી ગોલ્ડ મેડલ ચૂકી ગયો હતો. મલેશિયન વેઈટ લિફ્ટરે ફક્ત એક કિલોના અંતરથી સંકેત પાસેથી ગોલ્ડ મેડલ આંચકી લીધો હતો. મલેશિયાના બિબ અનિકે સ્નેચમાં ૧૦૭ અને ક્લિન એન્ડ જર્કમાં ૧૪૨ કિલો મળીને કુલ ૨૪૯ કિલો વજન ઉચકીને ગોલ્ડ મેડલ જીત્યો હતો જે ગેમ્સ રેકોર્ડ પણ છે. શ્રીલંકાના દિલંકા યોડાગેએ ૨૨૫ કિલો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

સ્નેચ રાઉન્ડમાં સંકેતે ૧૧૩ કિલો વજન ઉચક્યું હતું. તેણે ક્લિન એન્ડ જર્કના પ્રથમ રાઉન્ડમાં સફળતાપૂર્વક ૧૩૫ કિલો વજન ઉચક્યું હતું.

આ સાથે ૨૪૮ કિલો સાથે તે ફાઈનલમાં ટોચ પર આવી ગયો હતો. સંકેતને મલેશિયન વેઈટલિફ્ટર તરફથી પડકાર મળ્યો હતો. તે કુલ ૨૪૫ કિલો સાથે બીજા ક્રમે હતો અને સંકેતથી ફક્ત ત્રણ કિલો પાછળ હતો. બાદમાં સંકેતે ૧૪૧ કિલોનો પ્રયાસ કર્યો હતો. તે ક્લિનમાં સફળ રહ્યો હતો પરંતુ જર્કમાં તેને ઈજા થઈ હતી.

તેમ છતાં તે મલેશિયાના અનિક કરતા ત્રણ કિલો આગળ હતો. સંકેતે ત્રીજો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમાં પણ તે નિષ્ફળ રહ્યો હતો. બીજી તરફ મલેશિયાના અનિકે ક્લિન એન્ડ જર્કમાં ૧૪૨ કિલો વજન ઉચક્યું હતું અને સાથે જ તે એક કિલો વજનથી સંકેત કરતાં આગળ આવી ગયો હતો અને તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે શાનદાર પ્રદર્શન કરનારા સંકેતને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

મોળો પ્રતિસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને વર્તમાન ૪જી સેવામાં તેનો પૂરો ઉપયોગ થઇ રહ્યો નથી. ત્રીજું, એરટેલ અને વોડાફોન આઈડિયા ઉપર જંગી દેવું છે. વોડાફોન આઈડિયા તો છેલ્લા ત્રણ વર્ષથી ભારતના કોર્પોરેટ ઈતિહાસમાં સૌથી મોટી ખોટ કરતી કંપની છે ત્યારે આટલી આક્રમકતાથી સ્પેક્ટ્રમ ખરીદે એવી શક્યતા નહિવત જોવા મળી રહી છે.

ચાર દિવસના અંતે કેન્દ્ર સરકારને જે કુલ રકમ મળે એવી શક્યતા છે તેની રકમ રૂ.૧,૪૯,૮૨૩ કરોડ જ છે. કેન્દ્ર સરકારે સ્પેક્ટ્રમની ખરીદી ક્યાં સર્કલમાં કોણે કરી, કોની બોલી વિજેતા થઇ તેની જાહેરાત નિલામી પૂર્ણ થયા પછી જ જાહેર કરવાની હોવાથી કંપની આધારિત માહિતી ઉપલબ્ધ હવે પછી જ બનશે.

સ્પેક્ટ્રમની નિલામીના ચાર દિવસ અને ૨૩ રાઉન્ડની બોલી લાગ્યા પછી એટલું સ્પષ્ટ છે કે કંપનીઓ માત્ર જેટલી જરૂરીયાત છે એના માટે જ બિડિંગ કરી રહી છે. પજીની નિલામીમાં અત્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જિયો માટે, ભારતી એરટેલ, વોડાફોન આઈડિયા અને ગૌતમ અદાણીની અદાણી ડેટા સર્વિસ લીમીટેડ એમ ચાર જ કંપની બિડિંગ કરી રહી છે. વળી, અદાણીએ ગ્રાહકો માટે નહિ પણ માત્ર પોતાના જૂથ માટે, પોતાના વ્યવહાર માટે અને તેના ટેકનોલોજી સાહસની જરૂરીયાત માટે જ લાયસન્સ ખરીદ્યું છે. આ ઉપરાંત, અદાણીએ માત્ર ગુજરાત સર્કલનું જ લાયસન્સ ખરીદ્યું હોવાથી અન્ય રાજ્યોમાં તે બિડિંગ કરી શકે નહી તે પણ જાણવું જરૂરી છે. પજી સેવાઓ માટે ગીગાહર્ટઝ જેમ ઓછા તેમ નાના સેલ સાઈટ કે નાના ટાવરથી આંતરિક વિસ્તારમાં સેવાઓ આપવી શક્ય બને છે. દૂરના વિસ્તારો માટે સૌથી ઉંચી ફ્રિકવન્સીનું સ્પેક્ટ્રમ જોઈએ છે. અત્યારે ચાલી રહેલી બિડિંગમાં સૌથી ઓછી અને સૌથી વધુ ફ્રિકવન્સીના બિડિંગમાં જ સ્પર્ધા જોવા મળી રહી છે.

જેમકે ૨૬ હર્ટઝની ફ્રિકવન્સી માટે દરેક રાજ્યમાં દરેક સર્કલમાં ભારે બોલી જોવા મળી રહી છે. એવી જ રીતે ૩૩૦૦ હર્ટઝની ફ્રિકવન્સી માટે પણ દરેક સર્કલમાં બોલી લાગી છે. નીચી ફ્રિકવન્સી માટે ૬૦૦ હર્ટઝમાં કોઈ બીડ નથી, ૭૦૦ હર્ટઝમાં એક કે બે બીડ જોવા મળી રહી છે. તો ઉપરની ફ્રિકવન્સીમાં ૨૬૦૦ અને ૨૧૦૦માં કોઈ ખરીદવાવાળું નથી. સામે ૧૭૦૦ અને ૧૮૦૦ હર્ટઝમાં જરૂર અનુસાર એટલે કે જ્યાં કંપનીઓને જરૂર છે એટલા સર્કલમાં જ માંગ જોવા મળી રહી છે.